જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી,
અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,
૨૫૬૩૦૪૦૦ ફેક્સ: ૨૫૬૩૦૬૦૦

તા.૩૦/૦૮/૨૦૨૦ રવિવાર

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

## અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :-

## સમાચાર યાદી નં.૧૪૬૮/૨૦૨૦

**Covid-19 સંક્રમણ નિયંત્રણ અન્વયે લેવામાં આવેલ કાયદાકીય કાર્યવાહી અંગેની તા.૨૯/૦૮/૨૦૨૦ કલાક ૦૦/૦૦ થી કલાક ૨૪/૦૦ સુધીની માહીતી નીચે મુજબ છે.**

પત્રક-૧

લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત

| અ.નં | ગુન્હાનો પ્રકાર | નોધાયેલ FIR ની સંખ્યા | | | અટક કરેલ આરોપીની સંખ્યા | | |
|---|---|---|---|---|---|---|---|
| | | ગઈ કાલ સુધીની સંખ્યા | આજની સંખ્યા | કુલ | ગઈ કાલ સુધીની સંખ્યા | આજની સંખ્યા | કુલ |
| ૧ | કલમ ૧૮૮ કલમ ૧૩૫ GP ACT 1951 | ૧૦૩૭૬ | ૦ | ૧૦૩૭૬ | ૧૬૪૭૫ | ૦ | ૧૬૪૭૫ |
| ૨ | કલમ ૨૬૯,૨૭૦ અને ૨૭૧ IPCઅને The Epidemic Disease Act 2005 | ૪૩૩૮ | ૦ | ૪૩૩૮ | ૫૮૫૨ | ૦ | ૫૮૫૨ |
| 3 | કલમ ૧૪૩,૧૪૪,૧૪૫ વિગેરે (હંગામો) | ૪૫ | ૦ | ૪૫ | ૨૧૯ | ૦ | ૨૧૯ |
| ૪ | Disaster Management Act 2005 હેઠળના ગુન્હાઓ | ૧૪૦૮૮ | ૧ | ૧૪૦૮૯ | ૧૪૭૯૧ | 3 | ૧૪૭૯૪ |
| કુલ | | ૨૮૮૪૭ | ૧ | ૨૮૮૪૮ | ૩૭૩૩૭ | 3 | ૩૭૩૪૦ |

| પત્રક-૨ | | | |
|---|---|---|---|
| લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત | | | |
| અ.નં | જીલ્લા/શહેરનુ નામ | કલમ ૨૦૭ MV Act 1988 હેઠળ ડિટેઈન કરેલ વાહનોની સંખ્યા | MV Act 1988 હેઠળના નિયમ ભંગ કરનાર વાહન ચાલકો પાસેથી વસુલવામાં આવેલ દંડની રકમ |
| ૧ | અમદાવાદ શહેર | ૧૨૯ | ૯,૧૫,૨૦૦/- |

| પત્રક-3 | | | |
|---|---|---|---|
| જાહેર સ્થળોએ તથા પરિવહન વખતે માસ્ક નહી પહેરવા અંગે તથા જાહેરમાં થુકવા બાબતની વિગત | | | |
| અ.નં | જીલ્લા/શહેરનુ નામ | દંડિત થયેલ વ્યક્તિઓની સંખ્યા | વસુલ કરવામાં આવેલ દંડની રકમ |
| ૧ | અમદાવાદ શહેર | ૧૪૯ | ૧,૪૯,000/- |

# ચોરીના ગુનાના આરોપીની અટકાયતની વિગત

**વાસણા પોલીસ સ્ટેશન :-**

## અમદાવાદ શહેરના સરખેજ પો.સ્ટે.વિસ્તારમાંથી ચોરી કરેલ મો.સા સાથે મો.સા ચોરને ઝડપી પાડતી વાસણા પોલીસ

પોલીસ કમીશ્નર સાહેબ શ્રી તથા સંયુકત પોલીસ કમીશ્નર શ્રી સેકટર-૧ સાહેબ તથા નાયબ પોલીસ કમિશ્નર શ્રી ઝોન-7 સાહેબ તથા મદદનીશ પોલીસ કમિશ્નર શ્રી 'એમ" ડિવીઝન નાઓની સુચના તથા પોલીસ ઈન્સ્પેક્ટર શ્રી એમ.એમ.સોલંકી નાઓના સીધા માર્ગદર્શન હેઠળ વાહન ચોરી તથા ઘરફોડ ચોરી તેમજ ચેઇન સ્નેચીગના બનતા બનાવો અટકાવવા સારૂ અને ચોરીના ગુનાઓ શોધી કાઢવા સારૂ આજરોજ સર્વેલન્સ સ્કોડના પો.સબ.ઇન્સ. એ.આર.સુર્યવંશી તથા સાથેના સ્ટાફના હે.કો.લલિતભાઇ અમરાભાઇ તથા પો.કો. જયવીરસિંહ રાજુભા તથા પો.કો.લકધીરસિહ રતુભા તથા પો.કો. વિજયસિંહ હનુભા તથા પો.કો.દીગ્વીજયસિહ દીપસંગભાઇ તથા પો.કોંસ જીતેંદ્રસિહ દશરથસિહ તથા પો.કો.મીહીરભાઇ હસમુખભાઇ તથા લોકરક્ષક મનોજકુમાર ખેમચંદભાઇ તથા લોકરક્ષક ગૌતમભાઈ કાળુભાઈ વિગેરે સાથે પો.સ્ટે. વિસ્તારમાં પેટ્રોલીગમાં હતા તે વખતે પો.કો. જીતેંદ્રસિહ દશરથસિહ તથા પો.કો. લકધીરસિહ રતુભા નાઓને મળેલ સંયુકત ખાનગી બાતમી આધારે નારાયણનગર ચાર રસ્તા પાસે રોડ ઉપર વોચ ગોઠવી આરોપી આબીદભાઇ સ/ઓ ઇકબાલભાઇ અબ્દુલલતીફ સૈયદ ઉ.વ.૩૫ રહેવાસી,મકાન નં-૧૦ સનરાઇઝ પાર્ક મુસ્કાન મસ્જીદ પાસે ફતેવાડી વેજલપુર અમદાવાદ શહેર નાને પકડી પાડી તેઓની પાસે રહેલ નંબર પ્લેટ વગરની હિરો સ્પેન્ડર પ્લસ મો.સા જેનો એ.નં-HA10EJDHF46484 તથા ચે.નં-MBLHA10AMDHF48270 નો હોય જેથી એ.નં તથા ચે.નં આધારે પોકેટ કોપમા સર્ચ કરી મો.સા.ના માલીકનુ નામ-સરનામુ મેળવી તેઓનો સંપર્ક કરતા સદરી મો.સા. એકાદ માસ અગાઉ સરખેજ ખાતે આવેલ જનપથ હોટલની પાછળની ગલી પાસેથી ચોરી થયેલ હોવાનુ જણાવતા. તે મો.સા. ની અંદાજીત કિં.રૂ.૨૫,000/- ગણી CRPC કલમ-૧૦૨ મુજબ કબ્જે કરી તેમજ સદરી ઇસમને આજ રોજ તા-૨૮/૦૮/૨૦૨૦ ના કલાક-૨૦/30 વાગ્યે CRPC કલમ-૪૧(૧)(ડી) મુજબ નજર કેદ કરી સરખેજ પોલીસ સ્ટેશનનો વાહન ચોરીનો ગુનો શોધી કાઢી પ્રસંશનીય કામગીરી કરેલ છે. તા.૨૮/૦૮/૨૦૨૦.



# <u>તડીપાર ઇસમની અટકાયતની વિગત</u>

## <u>ઘાટલોડીયા પોલીસ સ્ટેશન :-</u>

પોલીસ કમી.શ્રી. સંજય શ્રીવાસ્તવ સાહેબ અમદાવાદ શહેર નાઓના હુકમથી તથા શ્રી આર.બી અસારી સાહેબ સયંકત પોલીસ કમિશ્નરશ્રી સેકટર-૧ તથા શ્રી ડો.રવિન્દ્ર પટેલ સાહેબ નાયબ પોલીસ કમિશ્નરશ્રી ઝોન-૧ નાઓની સુચનાથી તથા શ્રી એલ.બી.ઝાલા ઇન્ચાર્જ મદદનીશ પોલીસ કમી.શ્રી "ક" વિભાગ સાહેબના માર્ગદર્શન હેઠળ તડીપાર/પાસા અટકાયતી હુકમની બજવણી ટાળવા સારૂ નાસતા ફરતા ઇસમોને સત્વરે પકડી બજવણી કરવા સુચના મળેલ જે આધારે મદદનીશ પોલીસ કમિશરશ્રી “એલ” ડીવીઝન અમદાવાદ શહેરના હુકમ ક્રમાંક:"એલ"ડીવીઝન/હદપ/૧૬૮૭/૨૦૨૦ તા.૨૧/૦૭/૨૦૨૦ ગુજરાત પોલીસ અધિનિયમ સને-૧૯૫૧ ની કલમ ૫૬(ખ) મુજબના ઇસમ નામે હિરેન સ/ઓ પ્રવિણભાઇ પટેલ ઉ.વ-૩૫ રહે-૩૫ ઇશ્વરકાકાનગર કેકે નગર રોડ ગીરીરાજ સોસાયટી વિભાગ-૨ની સામે ઘાટલોડીયા અમદાવાદ નાનો પોતાના તડીપાર હુકમની બજવણી ટાળવા સારૂ નાસતો ફરતો હતો જેને પકડી પાડવા માટે પોલીસ ઇન્સ્પેકટર વાય.આર.વાઘેલા નાઓની સુચના આધારે અનાર્મ પો.કોન્સ. દશરથભાઇ ભુરાભાઇ બ.નં-૫૬૬૨ નાઓની બાતમી હકીકત આધારે પકડી તડીપાર ઇસમ હિરેન સ/ઓ પ્રવિણભાઇ પટેલ ઉ.વ-૩૫ રહે-સદર નાને આજરોજ તા.૨૯/૦૮/૨૦૨૦ ના કલાક ૧૭/૫૦ વાગે પકડી પાડેલ છે તથા તેને તડીપાર હુકમની બજ્વણી કરી સદરી તડીપાર ઇસમને પાટડી પોલીસ સ્ટેશન જી-સુરેન્દ્રનગર હદ વિસ્તારમાં રહેવા મોકલી આપવા તજવીજ કરેલ છે.

# પાસા અટકાયતની વિગત

## ખોખરા પોલીસ સ્ટેશન :-

## શરીર સબંધી/મિલ્કત સબંધી ગુનાઓ આચરનાર આરોપીને પાસા હેઠળ ધકેલતી ખોખરા પોલીસ

મે. પોલીસ કમિશનરશ્રી અમદાવાદ શહેર તથા સંયુક્ત પોલીસ કમિશ્નરશ્રી સેક્ટર-૨ અમદાવાદ શહેર તથા નાયબ પોલીસ કમિશ્નરશ્રી ઝોન-૫ અમદાવાદ શહેર નાઓએ સુચના આપેલ કે, શરીર સબંધી/મિલ્કત સબંધી ગુનાઓ સબબ પકડાયેલા ઈસમો વિરૂધ્ધ પાસા જેવા અસરકારક અટકાયતી પગલા લેવા, જે અનુસંધાને પોલીસ ઈન્સ્પેક્ટરશ્રી વાય.એસ.ગામીત નાઓએ શરીર સબંધી/મિલ્કત સબંધી ગુનાઓમાં પકડાયેલ આરોપી જય ઉર્ફે લાલો સ/ઓ રાજુભાઈ અંબાલાલ જાતે સોઢા(ઠાકોર) ઉ.વ ૧૯ રહે.રોકડીયા હનુમાનના મંદિર સામે ફુટપાથ ની બાજુમા,કાચા છાપરામાં ખોખરા સર્કલ પાસે અમદાવાદ શહેર નાના વિરૂધ્ધ જરૂરી પુરાવાઓ એકત્રીત કરી આરોપી વિરૂધ્ધમાં પાસા દરખાસ્ત ભરી પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર નાઓને પાઠવતા તેઓ સાહેબશ્રીએ આરોપી વિરૂધ્ધમાં પાસ હુકમ નં. પીસીબી/ડીટીએન/ પાસા/૭૬૦/૨૦૨૦ તા.૨૯/૦૮/૨૦૨૦ થી પાસા અટકાયતનો હુકમ કરતા ખોખરા પોલીસ સ્ટેશનના પો.સબ ઈન્સ.શ્રી આર.એન.ચુડાસમા તથા સ્ટાફના માણસો મારફતે હકિકત મેળવી આરોપીઓને પકડી લાવતા પાસા અટકાયતના હુકમ આધારે તા.૨૯/૦૮/૨૦૨૦ ના રોજ પાસા હુકમની બજવણી કરી પાલારા જેલ ભુજ ખાતે કેદ રહેવા સારૂ જરૂરી જાપ્તા સાથે મોકલી આપેલ છે.

## ગાયકવાડ હવેલી પોલીસ સ્ટેશન :-

## પાસા અટકાયતના આરોપીને પકડી ખાસ જેલ પાલારા ભુજ  ખાતે મોકલી આપતી ગાયકવાડ હવેલી પોલીસ

મે.પોલીસ કમિશ્નર સાહેબ શ્રી અમદાવાદ શહેર તથા મે.અધિક પોલીસ કમિશ્નર  શ્રી સેકટર-૧ સાહેબ તથા નાયબ પોલીસ કમિશ્નર શ્રી ઝોન-૩ સાહેબ તથા મદદનીશ પોલીસ કમિશ્નર શ્રી “ઇ” વિભાગ સાહેબ નાઓ તરફથી વધુમાં વધુ પાસા અટકાયતી પગલા લેવાની સુચના આપતા જે સુચના આધારે “જાહેર સલામતી અને વ્યવસ્થા” વિરૂધ્ધના કૃત્યો અટકાવવા સારૂ અસરકારક પગલા લેવા કરેલ હુકમ અનુસંધાને અમો સીની.પોલીસ ઇન્સ્પેક્ટર શ્રી એન.એન.પરમાર ગા.હવેલી પોલીસ સ્ટેશનનાઓએ નીચે જણાવેલ નામ વાળા આરોપી “જાહેર વ્યવસ્થા” વિરૂધ્ધના કૃત્યો કરતો હોય તેના વિરૂધ્ધમાં પુરાવા એકત્ર કરી પાસા દરખાસ્ત તૈયાર કરી મે.પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેરનાઓની સમક્ષ સાદર કરતા તેઓ સાહેબે પાસા હુકમ ક્રમાંક નં- પીસીબી/ડીટીએન/પાસા/૭૫૮/૨૦૨૦ તા-૨૯/૦૮/૨૦૨૦ થી પાસા **અટકાયતી અરબાઝ ઉર્ફે અબ્બુ સ/ઓ અબ્બાસખાન નઇમખાન પઠાણ ઉ.વ.૨૨ રહે-૧૫૨ મોચીઓળ કડીયાવાડની મસ્જીદ પાસે જમાલપુર અમદાવાદ શહેર નાઓને ખાસ જેલ પાલારા ભુજ** ખાતે પાસા અટકાયતમાં રહેવાનો હુકમ કરતા સદરીને તા-૨૯/૦૮/૨૦૨૦ ના રોજ ક.૨૨/૦૦ વાગે હુકમની બજવણી કરી જરૂરી જાપ્તા સાથે પાસામાં ખાસ જેલ પાલારા ભુજ  ખાતે મોકલી આપેલ છે.



**<u>નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયાઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૧૪૬૯/૨૦૨૦</u>**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૪૪ કેસ કરી, ૪૦ વ્યક્તિઓને ઝડપી, ૨૫૬ લીટર દેશી દારૂ, ૧૭૨ બોટલ ઈંગ્લીશ દારૂ, ૪૭ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ, ૦૧ મોટર સાયકલ અને ૦૨ સ્કૂટર કબજે કર્યા હતા. તેમજ જુગાર ધારા હેઠળ ૦૬ કેસ કરી ૧૦ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૬,૦૦૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

**<u>તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૧૪૭૦/૨૦૨૦</u>**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૧૧૭ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી. ૯૩ મુજબ ૦૭ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૦૫ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

**<u>ઘરફોડઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૧૪૭૧/૨૦૨૦</u>**

**દાણીલીમડાઃ** રીયાઝએહમદ અબ્દુલરહેમાન અંસારી (રહે. ન્યુ ફૈસલનગર દાણીલીમડા) એ દાણીલીમડા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૮/૦૮/૨૦૨૦ કલાક ૧/૦૦ થી ૭/૦૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન પોતાના મકાનમાં અજાણી વ્યક્તિ પ્રવેશ કરી સોનાના ઝુમખા નંગ-૨ કિમત રૂપિયા ૩૫,૦૦૦/-, મોબાઇલ ફોન કિમત રૂપિયા ૧૦,૦૦૦/- અને રોકડ રૂપિયા ૩૫,૦૦૦/- મળી કુલ રૂપિયા ૮૦,૦૦૦/- મતાની ચોરી કરી લઇ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી આર.એસ.ગોહિલ ચલાવે છે.

**<u>વાહન ચોરીઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૧૪૭૨/૨૦૨૦</u>**

**વાડજઃ** રસીકભાઈ પિતામ્બરભાઈ પટેલ (રહે. એફ/૫ સેકટર-૭ બી નીર્ણયનગર ચાંદલોડીયા) એ તા.૨૯/૦૮/૨૦૨૦ ના રોજ વાડજ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૯/૧૨/૨૦૧૯ થી તા.૨૫/૦૫/૨૦૨૦ સુધીના સમયગાળા દરમ્યાન જુના વાડજ "પ્રો.વ્હીલ્સ ઓટોમેટીક" નામ ના હિરો ટુ વ્હીલરના શો રૂમમાંથી એક મેસ્ટ્રો સ્કુટર અને ત્રણ સ્પેન્ડર પ્લસ મોટર સાયકલ મળી કિમત રૂપિયા ૧,૫૫,૨૨૬/- અજાણી વ્યક્તિ ચોરી કરી લઇ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી આર.બી.રાજપુત ચલાવે છે.

**<u>વાહન અકસ્માતમાં મૃત્યુઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૧૪૭૩/૨૦૨૦</u>**

**"કે" ટ્રાફીક પોલીસ સ્ટેશનઃ** મુર્તુજાઅલી અખ્તરહુસેન સૈયદ (ઉ.વ.૪૧) (રહે.નાઝ રૉ હાઉસ, મોમીનપાર્કની બાજુમાં, જુહાપુરા વેજલપુર) તા.૧૯/૦૮/૨૦૨૦ બપોરના ૩/૦૦ વાગ્યાના સુમારે દાણીલીમડા ખોડીયારનગર ચાર રસ્તાથી પીરાણા તરફ જતા કચરાના ઢગલાના ગેટ પાસે એક્ટીવા પાર્ક કરી ઉભા હતા ત્યારે અજાણ્યા વાહનના ચાલકે વાહન પુરઝડપે અને બેદરકારીથી ચલાવી ટક્કર મારતા મુર્તુજાઅલી સૈયદને ગંભીર ઈજાઓ થતા, સારવાર માટે તેમને એલ.જી.હોસ્પીટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન તા.૨૯/૦૮/૨૦૨૦ કલાક ૮/૩૦ વાગે તેમનુ મૃત્યુ નિપજયું હતુ. આ અંગેની ફરીયાદ તા.૨૯/૦૮/૨૦૨૦ નારોજ નિતાબહેન રાવળ એ "કે" ટ્રાફીક પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી બી.ડી.ગમાર ચલાવે છે.

**<u>આત્મહત્યાઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૧૪૭૪/૨૦૨૦</u>**

**માધવપુરાઃ** જીતેન્દ્ર અમરતભાઈ પરમાર (ઉ.વ.૩૦) (રહે. નીલકંઠ એપાર્ટમેન્ટ ઇદગાહ) એ પત્ની રિસામણે હોઈ મનમાં લાગી આવતા તા.૨૯/૦૮/૨૦૨૦ કલાક ૭/૦૦ વાગ્યા પહેલા પોતાના ઘરે પંખાના હુકમાં રૂમાલ બાંધી ગળેફાસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે માધવપુરા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી જયેશભાઇ કાંતીલાલ ચલાવે છે.

**નિકોલઃ** રોશનીબહેન ડો/ઓ અશોકભાઇ પટણી (ઉ.વ.૧૪) (રહે. હાઉસિંગ બોર્ડના મકાન શિવશક્તિનગર મંગલપાડે હોલ સામે નિકોલ) નાનપણથી જ મદં બુધ્ધીની હતી અને તા.૨૮/૦૮/૨૦૨૦ કલાક ૧૦/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે રમતા-રમતા છતના હુકમાં દુપટ્ટો બાંધી ગળેફાસો ખાતા સારવાર માટે તેને શારદાબેન હોસ્પિટલમાં દાખલ કરવામાં આવી હતી. જયા સારવાર દરમ્યાન તા.૨૯/૦૮/૨૦૨૦ કલાક ૩/૧૫ વાગે તેનુ મૃત્યુ નિપજયું હતુ. આ અંગે નિકોલ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી પી.જે.પટેલ ચલાવે છે.

**રામોલઃ** નરેશકુમાર મોહનભાઈ માલીવાડ (ઉ.વ.૩૪) (રહે. અક્ષર હોમ્સ ઓમ સર્કલની બાજુમાં વસ્ત્રાલ) એ અગમ્ય કારણસર તા.૨૮/૦૮/૨૦૨૦ કલાક ૮/૩૦ થી તા.૨૯/૦૮/૨૦૨૦ સવારના ૭/૦૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન પોતાના ઘરે પંખાના હુકમાં નાઈલોનની દોરી બાંધી ગળેફાસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે રામોલ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઇ.શ્રી કૈલાશબહેન રતનસિહ ચલાવે છે.

નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી